ગુજરાતમિત્ર

# બારડોલી-વ્યારા-ભરૂચ





સુરેશ ગાંધી પ્રવીણ તેરૈયા

## અંકલેશ્વરમાં હોટલની છત તૂટતાં 3 બાઇકને નુકસાન

**ઇમારત** જર્જરિત હોવાને કારણે દુર્ઘટના બની

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર રેલવે સ્ટેશન નજીક આવેલી હોટલ મયુરાની છત હોળીની રાત્રિએ ધરાશાયી થઈ હતી. હોટલ બહાર પાર્ક કરેલી ત્રણ બાઇકને નુકસાન થયું હતું. ઘટના સમયે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

જો કે, હોટલ મયુરાની જૂની અને જર્જરિત છત અચાનક તૂટી પડી હતી. કાટમાળ નીચે દબાઈ જવાથી ત્રણ બાઇકને ભારે નુકસાન થયું હતું. સ્થાનિકોએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. તંત્રની ટીમે ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં ઇમારત જર્જરિત હોવાને કારણે આ દુર્ઘટના બની હોવાનું મનાય છે.

## ક્રેડાઈએ મુખ્યમંત્રી સમક્ષ ભરૂચનો રોડમેપ મૂક્યો: મહાપાલિકાની માંગ

**પાયાની** સુવિધાઓના ઝડપી વિકાસ માટે ભરૂચને 'વિશેષ જિલ્લા' તરીકે દરજ્જો આપવા પણ રજૂઆત



ભરૂચ: આજનું ભરૂચ એ આર્થિક વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. ભવિષ્યનો રોડમેપ બનાવવા ભરૂચ ક્રેડાઇ પ્રતિનિધિ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગર ખાતે મુલાકાત કરાઈ હતી. તેઓએ ભરૂચમાં વર્ષો જૂની નગરપાલિકાને 'મહાનગરપાલિકા" બનાવવા માટે પ્રબળ માંગ કરી હતી. સાથે ભરૂચ જિલ્લાની ચારેકોર ઔદ્યોગિક વસાહત બનતી હોવાથી સુવિધાઓના વિકાસ માટે વિશેષ જિલ્લા તરીકે માન્યતા આપવા માંગ કરી છે.

નર્મદા નદીના કાંઠે આવેલો ભરૂચ જિલ્લો આર્થિક વિકાસનું પ્રતિબિંબ બનવા જઈ રહ્યો છે. ભરૂચ નગરના સર્વાંગી વિકાસ માટે ભરૂચ રિયલ એસ્ટેટ ડેવલપર્સ (ક્રેડાઇ)ના પ્રમુખ નિષિધ અગ્રવાલ સહિત અન્ય પ્રતિનિધિઓએ હાલમાં ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અન્ય મંત્રીઓ સાથે મુલાકાત કરી હતી, જેમાં નાણામંત્રી કનુ દેસાઈ, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જંબુસરના ધારાસભ્ય ડી.કે.સ્વામી સાથે મળતાં ભરૂચ શહેર સહિત જિલ્લાને લગતા ત્રણ પ્રશ્નની રજૂઆત કરી હતી, જેમાં ભરૂચ નગરપાલિકા એ એક સદી પુરાણી છે. ભરૂચ નગરની આજુબાજુ GIDCઓ ધમધમતી થઈ ગઈ છે. ત્યારે ભરૂચ એ 'રેસિડન્સી હબ' બનતું હોવાથી આજે લગભગ લાખોની સંખ્યામાં નાગરિક વસી ગયા છે. જેને લઈ ભરૂચ નગરને હવે "મહાનગરપાલિકા" જાહેર કરવી જોઈએ. ભરૂચ અને અંકલેશ્વર માટે બનેલી BAUDA ઓફિસમાં પૂરતા અને કાયમી ટેકનિકલ સ્ટાફની પણ તાત્કાલિક નિમણૂક કરવી જોઈએ. ભરૂચ જિલ્લામાં વધતી ઔદ્યોગિક વસાહતોને લઈ આધારભૂત સુવિધાઓના વિકાસ માટે ભરૂચ જિલ્લાને વિશેષ જિલ્લા તરીકે માન્યતા આપવા માંગ કરી છે. ત્રણેય મુદ્દા સાંભળીને હકારાત્મક પ્રતિભાવ મળતાં વહેલી તકે નિર્ણય કરવા માટે સધિયારો આપ્યો હતો.



## વાગરા-પીસાદ રોડ પર ટ્રેલરની ટક્કરે એકનું મોત

ભરૂચ: વાગરા-પીસાદ રોડ પર આવેલા એચ.પી. પેટ્રોલ પંપ નજીકના વળાંક પાસે મંગળવારે પૂરઝડપે આવતા ટ્રેલરે (GJ-16-AU-0844) સામેથી આવતી સ્પોર્ટ્સ બાઈકને જોરદાર ટક્કર મારતાં ભેરસમના ૨૮ વર્ષીય યુવાન વિજય ઉર્ફે કિશન રાઠોડનું મોત નીપજ્યું હતું.

વિજય રાઠોડ પોતાની R-15 બાઈક પર વાગરાથી પખાજણ તરફ જઈ રહ્યો હતો, ત્યારે વળાંક પર બેફામ ગતિએ આવતા ટ્રેલર સાથે અથડામણ થઈ હતી. અકસ્માત એટલો તીવ્ર હતો કે બાઈકના ફૂરચા ઊડી ગયા હતા. ઘટના બાદ ટ્રેલર ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. વાગરા પોલીસ મથકના પી.આઈ. એચ.બી.ગોહિલ અને ટીમે સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મુલેરમાં હત્યાના પ્રયાસમાં હનીફ ગઢને પોલીસે ઉઘાડા પગે ફેરવ્યો!

**126** ગ્રામજનોની લેખિત રજૂઆત બાદ કડક કાર્યવાહી થતાં વાગરા પંથકમાં દાદાગીરીનો અંત



ભરૂચ: વાગરા પંથકના મુલેર ગામે 16 ફેબ્રુઆરીના રોજ બનેલી હત્યાના પ્રયાસની ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી. ગામમાં માથાભારે ગણાતા હનીફ ગઢ પર એક વ્યક્તિને કાર વડે કચડી નાંખવાનો પ્રયાસ કર્યો હોવાનો ગંભીર આરોપ છે. બનાવને પગલે ગ્રામજનોએ પોલીસને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી તથા 126 જેટલા લોકોએ સહી કરી જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ લેખિત રજૂઆત કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી. પોલીસે આરોપીને ઝડપી પાડી કાર્યવાહીના ભાગરૂપે આરોપીને ઝડપી પાડ્યા બાદ જાહેર માર્ગો પર ઉઘાડા પગે ઘટના સ્થળે લઈ જઈ સમગ્ર બનાવનું રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. ભરબપોરે થયેલા આ રિકન્સ્ટ્રક્શન દરમિયાન આરોપી પાસેથી સમગ્ર ઘટનાક્રમનો તાગ મેળવવામાં આવ્યો હતો.

રિકન્સ્ટ્રક્શન જોવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર ઊમટી પડ્યા હતા. ગામમાં હનીફ ગઢના આતંકથી વ્યથિત લોકોમાં સ્પષ્ટ આક્રોશ જોવા મળ્યો હતો.

પોલીસે જણાવ્યું છે કે, કેસમાં તમામ પુરાવાઓ એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને આરોપી સામે હત્યાના પ્રયાસ સહિતની સંબંધિત કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી આગળ વધારવામાં આવી રહી છે. વધુમાં, આ કેસમાં સંડોવાયેલાં અન્ય તત્ત્વોની ભૂમિકા અંગે પણ તપાસ ચાલી રહી છે. પોલીસની કાર્યવાહીથી ગ્રામજનોમાં રાહત અને વિશ્વાસનો માહોલ સર્જાયો છે.

## ઉધાર ગેસ પૂરવાની ના પાડતાં પેટ્રોલપંપ કર્મી પર હુમલો

**આમલેથાની** ઘટના, ઘાયલ કર્મચારીને માથામાં 2 ટાંકા આવ્યા

રાજપીપળા: નાંદોદના આમલેથા ગામે આવેલા એક પેટ્રોલ પંપ પર ઉધારમાં ગેસ પૂરવાની ના પાડતાં પંપકર્મી પર જીવલેણ હુમલો થયો હતો. આ અંગે આમલેથા પોલીસ મથકે ગુનો નોંધી તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

આમલેથાના ટેકરી ફળિયામાં રહેતા 28 વર્ષીય વિશાલભાઈ સોમાભાઈ વસાવા આમલેથા મિલ પાસે આવેલા હિન્દુસ્તાન પેટ્રોલ પંપ પર સીએનજી ગેસ ભરવાનું કામ કરે છે. સોમવાર, ૨ માર્ચના રોજ સાંજે સાતેક વાગ્યાના અરસામાં સ્થાનિક શખ્સ રોનકભાઈ પ્રવીણભાઈ વસાવા તેની પત્ની સાથે ઈકો ગાડીમાં ગેસ પુરાવવા આવ્યા હતા. રોનકભાઈએ વિશાલભાઈ પાસે ઉધારમાં ગેસ પૂરવાની માંગણી કરી હતી, પરંતુ વિશાલભાઈએ ના પાડતાં મામલો બિચક્યો હતો. આરોપીએ રોકડા નાણાં આપી ગેસ તો પુરાવ્યો, પરંતુ ત્યારબાદ તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો. વિશાલભાઈએ ગાળો બોલવાની ના પાડતાં રોનકભાઈએ પોતાની ગાડીમાંથી લોખંડની પાઈપ કાઢી વિશાલભાઈના માથાના ભાગે ઝીંકી દીધી હતી. જતી વખતે આરોપીએ 'જો હવે પછી ઉધાર ગેસ નહીં પૂરે તો જાનથી મારી નાંખીશ' તેવી ધમકી પણ આપી હતી. આ બનાવમાં ઘાયલ વિશાલને તેના મિત્રો બાઇક ઉપર બેસાડી સારવાર માટે રાજપીપળાની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં તેને માથામાં બે ટાંકા આવ્યા હતા. હાલમાં આમલેથા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઝનોરમાં જમીનના ટુકડા અને બાંધકામ બાબતે ધીંગાણું

**હાથ** ખેંચી ટોળામાં લઈ જઈ ટાંટિયાં ભાંગી નાંખવાની ધમકી

**બે** પરિવારના 18 સામે સામસામી ફરિયાદ

ભરૂચ: નબીપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ઝનોર ગામમાં જમીન માલિકી અને ગેરકાયદે બાંધકામ મુદ્દે બે જૂથો વચ્ચે કાનૂની અને હિંસક ઘર્ષણ સર્જાયું છે. વર્ષો જૂના જમીન વિવાદે તા.1/3/2026ના રોજ એકાએક હિંસક વળાંક લેતાં ગામનું શાંત વાતાવરણ ડહોળાઈ ગયું હતું.

સરવે નં.293 વાળી જમીનની માપણી કરવાના મામલે હેમેન્દ્રસિંહ રણા અને દીપ્તિબેન સોલંકીનાં જૂથો વચ્ચે સામસામી અથડામણ થતાં બંને પક્ષે એકબીજા પર ગંભીર આક્ષેપો લગાવ્યા છે, જેના પગલે નબીપુર પોલીસ મથકે કુલ 18 વ્યક્તિ સામે સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ ફરિયાદ ઝનોરના હેમેન્દ્રસિંહ કિરણસિંહ રણા દ્વારા નોંધાવવામાં આવી છે, જેમાં તેમણે આક્ષેપ કર્યો છે કે, જ્યારે તેઓ ખાનગી સર્વેયર શ્રવણ રાણા પાસે પોતાની કૌટુંબિક જમીનની માપણી કરાવી રહ્યા હતા, ત્યારે રામજીભાઇ પટેલ, દીપ્તિબેન સોલંકી, કેશરસિંગ સોલંકી સહિતના 9 વ્યક્તિએ એકસંપ થઈને ગેરકાયદે મંડળી રચી તેમના પર હુમલો કર્યો હતો.

તેઓએ માપણી અટકાવી, ગાળાગાળી કરી અને હેમેન્દ્રસિંહનો હાથ ખેંચી ટોળામાં લઈ જઈ ટાંટિયાં ભાંગી નાંખવાની તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

બીજી તરફ સામા પક્ષે દીપ્તિબેન ચિરાગકુમાર સોલંકી દ્વારા વળતી ફરિયાદ નોંધાવાઈ છે, જેમાં હેમેન્દ્રસિંહ રણા, ભૂમિરાજ રાજ, જશપાલસિંહ રાજ સહિત 9 વ્યક્તિને આરોપી દર્શાવવામાં આવ્યા છે. દીપ્તિબેનના જણાવ્યા મુજબ તેઓ અને અન્ય સાહેદો પોતાના કાયદેસરના દસ્તાવેજી મકાનોમાં રહે છે, છતાં હેમેન્દ્રસિંહના જૂથે ત્યાં આવીને બાંધકામ ગેરકાયદે હોવાનું જણાવી માપણીનો આગ્રહ રાખ્યો હતો. જ્યારે રહીશોએ ન્યાયાલયનો આશરો લેવાનું સૂચન કર્યું અને કાયદેસર દાવો કરવા જણાવ્યું હતું.

આક્રમક બનેલા જૂથે ગાળાગાળી કરી, ઝપાઝપી કરી અને ભવિષ્યમાં મકાનો તોડી પાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. એક જ ગામના બે પરિવાર વચ્ચે સર્જાયેલા આ ધીંગાણા સંદર્ભે નબીપુર પોલીસે બંને પક્ષની રજૂઆતો સાંભળી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની વિવિધ કલમો હેઠળ એકબીજા સામે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## શાહ ગામે મેગા ફૂડ પાર્કમાં રૂ.19.92 લાખની 'સ્વીટ' ચોરી!

**કોલ્ડ** સ્ટોરેજ ઈનચાર્જે જ માખણનાં 56 બોક્સ, ગોળના 1905 ડબ્બા સગેવગે કર્યા

**ઇનચાર્જે** ભૂલનું બહાનું કાઢી રાજીનામું આપ્યું, પણ ઓડિટમાં પાપ પકડાયું

સુરત: માંગરોળના શાહ ગામે આવેલા 'ગુજરાત એગ્રો ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેગા ફૂડ પાર્ક' કંપનીમાં સાત વર્ષથી કોલ્ડ સ્ટોરેજ ઇનચાર્જ તરીકે ફરજ બજાવતા કૃષ્ણ બહાદુર કુંવરે કંપનીના આશરે રૂ.19,92,160ની કિંમતના માલસામાનની ઉચાપત કરી બારોબાર વેચી દીધો હોવાની ફરિયાદ માંગરોળ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

માંગરોળના શાહ ગામે આવેલા 'ગુજરાત એગ્રો ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેગા ફૂડ પાર્ક' કંપનીમાં કૃષ્ણ બહાદુર કુંવર (રહે., સી-304, નેશનલ રેસિડન્સી, મોસાલી ચોકડી, માંગરોળ) મે-૨૦૧૮થી કોલ્ડ સ્ટોરેજ ઈનચાર્જ તરીકે ફરજ બજાવતો હતો. તેની ફરજ દરમિયાન ફેબ્રુઆરી-૨૦૨૫માં જ્યારે સુમુલ ડેરીના બટરના સ્ટોકની ચકાસણી કરવામાં આવી, ત્યારે ૫૬ બોક્સ સફેદ માખણ (કિં.રૂ.4,68,160) ઓછાં હોવાનું જણાયું હતું. એ સમયે આરોપીએ ભૂલથી બીજાને માલ મોકલાઈ ગયો હોવાનું બહાનું કાઢી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. બાદ નવેમ્બર-૨૦૨૫માં આરોપીએ અચાનક રાજીનામું ધરી દીધું હતું. કંપનીએ શંકાના આધારે સમગ્ર સ્ટોકનું રિકોન્સિલેશન હાથ ધરતાં માલૂમ પડ્યું હતું કે, ૧૬ જેટલા વેપારીના સંગ્રહિત કરેલા ગોળના ૧૯૦૫ ડબ્બા (કિં.રૂ.15,24,000) પણ ગાયબ છે. આ બાબતે કડક પૂછપરછ કરતા કૃષ્ણ બહાદુરે આ માખણ અને ગોળનો જથ્થો ચોરી કરી બારોબાર વેચી દીધો હોવાની કબૂલાત કરી હતી. આરોપીએ લાંબો સમય સુધી નાણાં પરત કરવાના ખોટા વાયદા કર્યા બાદ અંતે ફોન બંધ કરી સંપર્ક તોડી નાંખતા વડોદરાના વતની અને કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા સંજય બાબાસાહેબ સાઠેએ માંગરોળ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર પાંચાભાઇ દેવાભાઇ સાંસલા ચલાવી રહ્યા છે.

## રાજપરામાં નાણાકીય લેવડદેવડના વિવાદમાં સામસામે હુમલો

**લાકડાથી** હુમલો, પથ્થરમારો કરી ગાડીના કાચ પણ તોડી નાંખ્યા

**શિક્ષક** અને કોન્ટ્રાક્ટર પક્ષે સામસામી ફરિયાદ

રાજપીપળા: નાંદોદના રાજપરા ગામે નાણાકીય બાબતો અને જૂના સંબંધોના વિવાદમાં બે પક્ષો વચ્ચે હિંસક અથડામણ થતાં પોલીસ મથકે સામસામી ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનામાં લાકડાના ફટકા અને પથ્થરમારો કરી ગાડીના કાચ તોડી નાંખવા તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

રાજપરામાં નાણાકીય લેવડદેવડના વિવાદમાં સામસામે હુમલો થતાં મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. ઝઘડિયાની બામલ્લા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અલ્પેશકુમાર પરમારે નોંધાવેલી પ્રથમ ફરિયાદ મુજબ તેઓ તેમનાં પત્ની મીનાબેન અને સાઢુભાઈ રમેશ સાથે રાજપરા ગામે વિશાલ હસમુખભાઈ પરમાર પાસે ઉઘરાણીના પૈસા લેવા ગયા હતા.

આ સમયે વિશાલ ઉશ્કેરાઈ ગયો હતો અને લાકડાના ફટકા વડે અલ્પેશભાઈ, તેમના પત્ની અને સાઢુભાઈ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. વધુમાં, આરોપીઓએ તેમની સ્વિફ્ટ કાર પર પથ્થરમારો કરી કાચ તોડી નાંખ્યા હોવાનો પણ આક્ષેપ છે. પોલીસે વિશાલ, ધવલ અને હસમુખભાઈ પરમાર વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

સામા પક્ષે સિવિલ કોન્ટ્રાક્ટર વિશાલ પરમારે વળતી ફરિયાદ નોંધાવી છે. વિશાલના જણાવ્યા મુજબ અગાઉ ઝઘડિયા ખાતે RFO તરીકે ફરજ બજાવતાં મીનાબેન સાથે તેને ફેસબુકના માધ્યમથી મિત્રતા થઈ હતી. તેઓએ સંયુક્ત બેંક ખાતું પણ ખોલાવ્યું હતું, જેમાં વિશાલના રૂ.12 લાખ ફિક્સ ડિપોઝિટમાં હતા. વિશાલની સગાઈ થઈ જતાં સંબંધોમાં અંતર આવ્યું હતું. આ નાણાકીય બાબતોના વિવાદમાં અલ્પેશભાઈ, મીનાબેન અને અન્ય સંબંધીઓએ વિશાલના ઘરે આવી તેની સાથે ઝપાઝપી કરી ગડદાપાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

આ બનાવમાં મીનાબેન પરમાર, અલ્પેશભાઈ પરમાર, ચેતનાબેન પરમાર અને રમેશભાઈ પરમાર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમલેથા પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ વસાવાને સોંપી છે.

## ઝંખવાવમાં ક્રૂરતાપૂર્વક 12 પશુ ભરેલી ટ્રક ઝડપાઈ

**ચાલક** અને ક્લીનર ફરાર, રૂ.12.20 લાખનો મુદ્દામાલ જપ્ત

વાંકલ: માંગરોળના ઝંખવાવ પોલીસ સ્ટેશનની હદમાં ગેરકાયદે પશુઓની હેરાફેરી કરતી એક ટાટા ટ્રક ઝડપાઈ હતી. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી 13 ભેંસને કતલખાને લઈ જતી બચાવી લીધી હતી.

ઝંખવાવ પોલીસનો સ્ટાફ ગઈકાલે મોડી રાત્રે નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે માંડવી તરફથી એક ટાટા ટ્રક નં.(GJ-09-Z-9444) પશુઓ ભરીને આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે ઝંખવાવ સરકારી દવાખાના પાસે વોચ ગોઠવી હતી. જ્યારે શંકાસ્પદ ટ્રક ત્યાં પહોંચી ત્યારે પોલીસે તેને ઊભી રાખવાનો ઈશારો કર્યો હતો. જો કે, ટ્રક ચાલકે વાહન ઉભું રાખવાને બદલે રસ્તા પર મૂકી દીધું હતું અને અંધારાનો લાભ લઈને ક્લીનર સાથે મુલતાની ફળિયા તરફ નાસી છૂટ્યો હતો. પોલીસે ટ્રકની તપાસ કરી તો પાછળના ભાગે લાકડાના પાટિયા મારીને અત્યંત ક્રૂરતાપૂર્વક 13 ભેંસ ખીચોખીચ ભરેલી જોવામાં આવી હતી. ટ્રકમાં પશુઓ માટે ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. આ તમામ પશુઓને કતલ કરવાના ઈરાદે લઈ જવામાં આવતાં હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાયું છે. પોલીસે 5.20 લાખની કિંમતની 13 ભેંસ અને 7 લાખની કિંમતની ટ્રક મળી કુલ રૂ.12.20 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પોલીસ કોન્સ્ટેબલ તેજસભાઈ બળવંતભાઈ ચૌધરીની ફરિયાદના આધારે અજાણ્યા ચાલક અને ક્લીનર વિરુદ્ધ પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ અને BNSની કલમ 54 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## તાપીમાં ચૂંટણીમાં બેઠક મુદ્દે OBCને અન્યાય

**બુહારીના** ભંડારી સમાજના આગેવાને ફાળવણી સહિત પ્રાથમિક આદેશ સામે વાંધો ઉઠાવ્યો, કલેક્ટરને રજૂઆત

વ્યારા: તાપી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની તાલુકા-જિલ્લા પંચાયત સહિત ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતદાર મંડળની રચના તેમજ બેઠકોની ફાળવણી સહિત પ્રાથમિક આદેશ સામે વાંધો ઉઠાવી વાલોડના બુહારીના ભંડારી સમાજનાં આગેવાન વિજયભાઈ ડાહ્યાભાઈ ભંડારીએ તાપી કલેક્ટરને અરજી આપી હતી

જેમાં ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ/વિકાસ કમિશનરના જાહેરનામા ક્રમાંક નંબર કેપીવી-ડીસી-ઈએલસી-એલ-4-ડીપી-31-2025 તા.23-7-2025 અન્વયે રજૂ થયેલી તાપી જિલ્લા પંચાયત અંતર્ગત આવતી તાલુકા-જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે બેઠકોની ફાળવણી કરતું SC, ST અને OBC તેમજ જનરલ કેટેગરી દર્શાવતું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) અધિનિયમ-2003 (સન-2023નો ગુજરાતનો 17મો) OBC માટે 27 ટકા બેઠકો ફાળવવાની જોગવાઈનું ઉલ્લંઘન થયું હોય OBC અન્ય પછાત વર્ગને 27 ટકા બેઠકોની ફાળવણી કરવામાં ન આવતાં OBC સમાજનાં આગેવાન દ્વારા આ અંગે તાપી કલેક્ટરને વાંધા અરજી આપી OBC સમાજનાં ઉમેદવારો માટે તાપી જિલ્લામાં તાલુકા-જિલ્લા અને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં OBC માટે 27 ટકા બેઠક ફાળવવા કાયદામાં વખતોવખત થયેલા સુધારાને અનુસરીને બેઠકોની ફાળવણી માટે નવેસરથી જાહેરનામું બહાર પાડી OBCને અનામતનો ચુસ્તતાથી અમલ કરવાની માંગ કરવામાં આવી હતી.

## બોડકા ગામે મકાનમાં આગ, કપાસ ખાખ



ભરૂચ: આમોદના બોડકા ગામે ખેતરમાં આવેલા મકાનમાં આગ ભભૂકી ઊઠવાનો બનાવ સામે આવ્યો છે. રણજીતભાઈ પઢીયારના ખેતરમાં આવેલા મકાનમાં આગ લાગતાં ભારે નુકસાન થયું છે. મકાનની બાજુમાં પડેલા કચરામાં અચાનક આગ ભભૂકી ઊઠતાં તેના તણખલા સીધી મકાન સુધી પહોંચી જતાં ક્ષણોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને અંદર રહેલ કપાસનો ઢગલો બળીને ખાખ થઈ ગયો હતો. બનાવની જાણ થતાની સાથે જ આમોદ નગરપાલિકાના ફાયર ફાઈટર તાત્કાલિક સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુમાં લઈ લીધો હતો. આ આગની ઘટનામાં અંદાજિત બે લાખ રૂપિયા જેટલું નુકસાન થતાં પરિવારજનો પર દુઃખના ડુંગર તૂટી પડ્યા હતા.